# સાબરકાંઠામાં પાણીના તળ નીચે જતા ઉનાળુ પાકનું વાવેતર ઘટ્યુ

## ખેડૂતોએ મગફળી, બાજરી, મગ અને મકાઈના વાવેતરમાં કાપ મુક્યો પશુઓ માટે લીલા ઘાસચારાના વાવેતરમાં પાણીના જથ્થાને ધ્યાનમાં રાખ્યો

સાબરકાંઠા જિલ્લામાં ગત વર્ષે પડેલા ઓછા વરસાદને કારણે અત્યારે ઉનાળો શરૂ થવાની સાથે જ પાણીના તળ ઉંડા જવા માડ્યા છે ત્યારે ખેડૂતોએ ઉનાળુ પાકનું વાવેતર ખુબજ મર્યાદિત કરી દીધુ છે. જેના કારણે આ વર્ષે પ્રાંતિજ, તલોદ, હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, વિજયનગર, પોશીના તાલુકામાં ખેડૂતોએ મગફળી, બાજરી, મગ અને મકાઈનું વાવેતર કરવાને બદલે જમીન પડતર રાખવાનું મુનાસિબ માન્યુ છે. જિલ્લામાં અંદાજે બધા પાકોનું મળી ૫૦૦૦ હેક્ટરમાં વાવેતર થયુ હોવાનું ખેતીવાડી વિભાગનો અંદાજ છે.

આ અંગે ખેતીવાડી વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ગયા વર્ષે જિલ્લામાં પડેલા ઓછા વરસાદને કારણે ખેડૂતોએ અગાઉથી જ શિયાળુ વાવેતર જેટલુ વધુ થાય તેટલુ કરીને પાકની વાવણી કરી દીધી હતી. જે હોળી બાદ તૈયાર થઈ ગયો છે. પરંતુ સિંચાઈના પાણીની ખેંચને ધ્યાનમાં રાખીને મોટાભાગના ખેડૂતોએ ઉનાળુ પાકનું વાવેતર અગાઉથી જ મર્યાદીત કરવાનુ નક્કી કરી દીધુ છે. જેના કારણે આ વર્ષે ઉનાળુ વાવેતરમાં બાજરી અંદાજે ૨૦૦૦ હેક્ટર, મગ ૧૫૦૦ હેક્ટર જ્યારે મગફળીનું ૧૦૦૦ હેક્ટરમાં વાવેતર થયું છે. જો કે ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર પંથકમાં ઉનાળુ મકાઈનું વાવેતર ૫૦૦ હેક્ટરથી વધુમાં થયુ નથી.

ઓછુ વાવેતર કરવા માટે ખેડૂતોએ એવુ વિચાર્યુ છે કે અત્યારે બોર-કુવામાં ભલે પાણી ચાલતુ હોય પરંતુ એપ્રિલ અને મે માસમાં વધુ ગરમી પડવાને કારણે પાણીનું જે બાષ્પીભવન થાય છે તેના કારણે ખેતરમાં સમયસર પાકને પાણી મળતુ ન હોવાથી પાક સુકાઈ જાય છે. જેના કારણે ખેડૂતે ઉનાળુ પાક માટે કરેલ તમામ ખર્ચ માથે પડે છે. તેથી જો જમીનને પડતર રાખી ખેડ કરી મુકી રાખવામાં આવે તો આવતા વર્ષે આ જમીનમાંથી વધુ ઉપજ મેળવી શકાય તેમ છે.

જોકે જિલ્લાના અનેક સ્થળે ખેડૂત પરીવારો પશુપાલન અને દૂધના વ્યવસાય પર નભતા હોવાને કારણે તેઓ પશુઓ માટે લચકા, બાજરી, મકાઈ અને જારનું ખુબજ ઓછી જમીનમાં વાવેતર કરે છે. જે ચોમાસુ આવે ત્યાં સુધી રાખીને દરરોજ પોતાના દૂધાળા પશુઓને લીલુ ઘાસ મર્યાદામાં રહીને ખવડાવે છે. જેથી જિલ્લામાં અંદાજે ૩૦૦ હેક્ટરથી વધુ જમીનમાં ખેડૂતોએ લીલા ઘાસચારાનું વાવેતર કર્યુ છે.

### ઉનાળામાં ભેલાણ વધુ થાય છે

હોળીના તહેવારો પૂર્ણ થયા બાદ અને શિયાળુ પાકની કાપણી અને લણણી પૂર્ણ થયા બાદ સાબરકાંઠા જિલ્લામાં ખાસ કરીને ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીના પંથકમાં પાલતુ પશુઓને તેમના માલિકો ખીલે બાંધવાને બદલે સતત ૨૪ કલાક છુટા મુકી દે છે. તેના કારણે ઉનાળુ પાકમાં વધુ ભેલાણ થતુ હોવાથી આ વિસ્તારના ખેડૂતો ઉનાળુ પાકનું વાવેતર મર્યાદિત કરે છે. જોકે તે પાછળ બોરકુવામાં પાણી ઉંડે ગયા હોવાનું પણ માનવામાં આવે છે.



**મોડાસાના સરૂરપુર ગામે યુવકની હત્યા કરનાર ફરાર પાંચ હત્યારાને ઝડપવામાં સફળતા**

મોડાસા તાલુકાના સરૂરપુર ગામે શનિવારે સાંજે ૬ વાગ્યા ના સુમારે ખૂની ખેલ ખેલાયો હતો. ગામના કાળાભાઈ જાલમભાઈ તરારને ગામના જ ૧૦ શખ્સોએ ગેરકાયદેસર મંડળી રચી લાકડીઓ અને પથ્થરો વડે હુમલો કરી હત્યા કરી ફરાર થઈ જતા મોડાસા રૂરલ પોલીસ ૧૦ શખ્સો સામે હત્યાનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા. ૨ દિવસ સતત શોધખોળ બાદ મોડાસા રૂરલ પોલીસે પાંચ આરોપીઓને ઝડપી પાડવામાં સફળતા મળી હતું. હજુ પણ ૬ હત્યારાઓ પોલીસ પકડથી દૂર હોવાથી પોલીસે અલગ અલગ ટીમો બનાવી ઠેર ઠેર તપાસ હાથ ધરી હતી.

# મોડાસા ખુમાપુર પાટિયા નજીક બાઈક ને પાછળથી અજાણ્યા વાહને અડફેટે લેતા ચાલકનું મોત

## ખંભીસરના નિવૃત આચાર્યનું મોત નિપજતા શોકની લાગણી

મોડાસા, તા. ૫

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના ખુમાપુર પાટિયા નજીકથી બાઈક લઈ પસાર થતા



નિવૃત આચાર્યની બાઈકને પાછળથી અજાણ્યા વાહને ટક્કર મારતા રોડ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નિપજતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. અકસ્માતની ઘટનાની જાણ મોડાસા રૂરલ પોલીસને થતા તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી અકસ્માત સર્જી ફરાર અજાણ્યા વાહન ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર, ખંભીસર ગામના નિવૃત આચાર્ય નટવરભાઈ લખાભાઈ પટેલ બાઈક લઈ કામકાજ અર્થે મોડાસા જઈ પરત ખંભીસર ખુમાપુર પાટિયા નજીક પસાર થતા પાછળથી અજાણ્યા વાહનચાલકે અડફેટે લેતા નટવરભાઈ બાઈક પરથી રોડ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે મોત નિપજતા મોડાસા રૂરલ પોલીસ ઘટનાસ્થળે દોડી આવી મૃતકની લાશનો કબ્જો લઈ પીએમ માટે ખસેડી અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી અકસ્માત સર્જી ફરાર વાહન ચાલકને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા.

ખંભીસરના નિવૃત આચાર્ય નટવરભાઈ પટેલનું અકસ્માતમાં મોત નિપજતા પરિવારજનો અને ગ્રામજનો ઘટનાસ્થળે ધસી આવી અકસ્માત શંકાસ્પદ હોવાનું જણાવતા ભારે ચકચાર મચી હતી.

# પઠાણી વ્યાજખોરો આગોતરા જામીન માટે હાઈકોર્ટના દરવાજે પહોંચ્યા

## જામીન ના મળતા વ્યાજખોરો રઘવાયા બન્યા

બાયડ, તા. ૫

બાયડ તાલુકાના પેન્ટરપુરાના ખેડૂત રાજેન્દ્રભાઈ કાંતીભાઈ પટેલે વ્યાજખોરોના ત્રાસથી ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ મામલે ૧૧ વ્યાજખોરોની પોલીસ દ્વારા હજુ સુધી ધરપકડ ન થતા લોકોમાં અનેક ચર્ચાઓએ જોર પકડ્યુ છે. આજરોજ અમદાવાદ હાઈકોર્ટમાં પઠાણી વ્યાજખોરોના વકીલો વ્યાજખોરો માટે આગોતરા જામીન લેવા માટે આવ્યા હતાં. પણ સાંજે ચાર વાગ્યા સુધી આગોતરા જામીન ન મળતા વકીલો પર વ્યાજખોરો રોષે ભરાયા હતાં.

બાયડ-ડેમાઈ રોડ પર સમર્થ કેમ્પસમાં જે ગોડાઉન બનાવે છે તે જગ્યા ખેડૂતની હતી પણ તે ખેડૂતે વ્યાજે ધિરાણ લીધુ હતું તે સમયસર ભરપાઈ ન કરી શકતા આ સમર્થ કેપીટલના ત્રણેય માલીકોએ દમ મારવાની નીતી વાપરી ખેડૂત જોડેથી જમીન લખાવી લઈ તે જમીન પર આજે મોટા મોટા ગોડાઉનો બની રહ્યા છે. આ ગોડાઉન તો બનાવી રહ્યા છે તેમાં આજુબાજુના ખેડૂતોના પાકને ભારે નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. સમર્થ કેપીટલના માલીકોએ એક લગ્ન પ્રસંગમાં મોટી મોટી શેખી મારી હતી, પણ આજે તે શેખીનું સુરસુરીયુ થતાં નગરજનોમાં એક મસ્તીભર્યું જોકસ શરૂ થઈ ગયો હતો.

## કડી તાલુકાના કલ્યાણપુરાથી યાત્રા-પશ્ચિમાલાપ કાર્યક્રમ

ગુજરાત સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ તથા સાંસ્કૃતિક કેન્દ્ર ઉદયપુર અને જિલ્લા વહીવટીતંત્ર મહેસાણા સંયુક્ત ઉપક્રમે જિલ્લામાં પહેલીવાર પશ્ચિમાલાપ યાત્રા નામના દેશના જુદા જુદા રાજ્યોના આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત નામાંકિત કલાકારો દ્વારા વિવિધતાભર્યા સાંસ્કૃતિક કાર્યક્રમોની શરૂઆત કડી તાલુકાના કલ્યાણપુરાથી કરવામાં આવી હતી. જિલ્લામાં સહિયારા પ્રયાસથી યાત્રા પશ્ચિમાલાપનો રવિવારથી કડી તાલુકાના કલ્યાણપુરાથી ભવ્ય શુભારંભ થયો હતો. કાર્યક્રમ અંતર્ગત ૪ માર્ચથી ૧૧ માર્ચ મહેસાણા જિલ્લાના તમામ તાલુકામાં ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમોની રજૂઆત થશે.

# સ્વામીનારાયણ મંદિર કાકંણોલ ખાતે પ્રથમ સર્વ જ્ઞાતિય સમુહ લગ્નોત્સવ મહાયજ્ઞ યોજાયો

## સર્વ ધર્મ સમભાવના સુત્રને સાર્થક કરતાં અલગ અલગ જ્ઞાતિબંધુઓના ૧૬ નવદપંતીએ ગૃહસ્થાશ્રમની ગૌરવવંતી કેડી પર પ્રભુતામાં પગલાં પાડયા

હિંમતનગર, તા. ૫

સાબરકાંઠા જિલ્લાનાં વડા મથક હિંમતનગરના આંગણે



નેશનલ હાઈવે નં. આઠ પર આવેલ શ્રી બીએપીએસ સ્વામી નારાયણ મંદિર પંટાગણ કાકંણોલ ખાતે સંવંત ૨૦૭૪ના ફાગણ વદ-૩ તારીખ ૪ માર્ચના રોજ રવિવારે શ્રી ચામુંડા સેવા ટ્રસ્ટ દ્વારા સંચાલિત પ્રથમ સર્વ જ્ઞાતિય સમુહ લગ્નોત્સવ મહાયજ્ઞ યોજાયો હતો. જેમાં સર્વ ધર્મ સમભાવના સુત્રને સાર્થક કરતાં અલગ અલગ જ્ઞાતિબંધુઓના ૧૬ નવદપંતીએ ગૃહસ્થા-શ્રમની ગૌરવવંતી કેડી પર પ્રભુતામાં પગલાં પાડયા હતા. જેમાં વ્હાલી દીકરીઓના અનેરા અવસરને શોભાવવા-દીપાવવા તથા અંતરથી આશીર્વાદ આશીર્વચન આપવા માટે ૧૬ નવદપંતીના માતા પિતા સાથે ઉદાર દિલના દાતાશ્રીઓ શ્રી ચામુંડા સેવા ટ્રસ્ટ હિંમતનગર પરિવાર તથા અલગ અલગ સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



**મોડાસામાં સીમાની એજ્યુકેશન દ્વારા સન્માન સમારોહ યોજાયો**

મોડાસામા સીમાની એજયુકેશન સોસાયટી દ્વારા સંચાલિત સીમનાની પ્રાથમિક શાળા તથા સીમનાની હાઈસ્કૂલમા વાલી સંમેલન તથા તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણથી સન્માનવાનો કાયકમ યોજાઈ ગયો.

આ સમારોહના અધ્યક્ષ સ્થાને મોડાસાના લોક લાડીલા ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર મૂખ્ય મહેમાન તરીકે મખદૂમ એજ્યુ. સોસાયટીના પ્રમૂખ નઈમભાઈ મેધરેજી, ધી મોડાસા રોડ ટ્રાનસપોટના ઊપપ્રમૂખ રહીમભાઈ બાયલા, ઝૂલફીકાર મનવા, ગૂજરાત વેજીટેબલના માલિક અલતાફભાઈ પઠાણ વગેરે ઉપસ્થિત રહેલ હતા. આ સમારોહને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ ઐયૂબઅલી સૈયદ સેક્રેટરી મૂનીરભાઈ ખોખર શાળાના ઈનચાર્જ આચાર્ય ગૂલામનબી સૈયદ વગેરેએ ભારે જહેમત ઊઠાવી કાયકમને સફળ બનાવેલ હતો.

# હિંમતનગરમાં ત્રણ સ્થળેથી ૧૦ લાખની ચોરી થતા પોલીસની નીંદ હરામ

## પોલીસ ઉંઘે છે, તસ્કરો જાગીને ખેલ પાડે છે : પ્રજાના જાન માલનું શું : પ્રજામાં થતી ચર્ચાનો જવાબ કોણ આપશે ?

હિંમતનગર, તા. ૫

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ઘરફોડ ચોરીના બનાવોમાં ખુબજ વધારો થઈ રહ્યો છે ત્યારે જિલ્લાની પ્રજા પણ રાત્રે ચેનથી નીંદ લઈ શકતી નથી તેમ છતાં પોલીસ તંત્ર ઉંઘમાં હોય તેમ તસ્કરો જાગીને ચોરી કરી પોતાની મુરાદ પુરી કરીને જતા રહે છે. ત્યારબાદ પોલીસતંત્ર તબેલામાંથી ઘોડો નાસી ગયા બાદ તાળા મારવાના હોય તેમ ફરીયાદ નોંધીને સંતોષ માનતુ હોય તેમ લાગી રહ્યુ છે. દરમ્યાન હિંમતનગરના પોલોગ્રાઉન્ડ અને મહાવીરનગર વિસ્તારમાં તસ્કરોએ શનિવારે ત્રણ મકાનમાં ત્રાટકીને સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી અંદાજે રૂ. ૧૦ લાખથી વધુ મત્તાની ચોરી કરી ગયાની ફરીયાદ રવિવારે હિંમતનગરના એ અને બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

ચોરીની પ્રથમ ઘટનાની વિગત એવી છે કે હિંમતનગરના પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં આવેલ હનુમાન મંદિરની બાજુમાં રહેતા અબ્દુલહફીજ ઈબ્રાહીમભાઈ મલેકના ઘરમાં શનિવારે રાત્રે અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરીને તીજોરીમાંથી મુકેલ ચાંદીના દાગીના તથા રોકડ લઈ ગયા હતા. ઉપરાંત ઈશ્વરભાઈના ઘરમાંથી પણ અજાણ્યા શખ્સો સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી રૂ. ૬૨,૮૦૦ની ચોરી કરી ભાગી ગયા હતા. જે અંગે ભાવેશભાઈ સુથારે રવિવારે ચોરી થયાની ઘટના અંગે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

ઉલ્લેખનીય છે કે અજાણ્યા શખ્સો એક જ રાતમાં ત્રણ સ્થળે ચોરી કરીને પોતાના ઈરાદા પાર પાડે છે ત્યારે આ શખ્સોએ ચોરી કરતા પહેલા તેમના નિશાન પર જે ઘર હોય તેની અગાઉથી રેકી કરતા હોય તેમ લાગી રહ્યુ છે. જેથી પોલીસે આ દિશામાં તપાસ કરીને પગેરાના મુળ સુધી પહોંચવુ જોઈએ. પ્રજામાં એવુ પણ ચર્ચાઈ રહ્યુ છે કે હિંમતનગર સહિત જિલ્લામાં અનેક ઘરફોડ ચોરી થયાની ફરીયાદો પોલીસના ચોપડે નોંધાઈ છે ત્યારે તેમાં પોલીસે કેટલી ચોરીનો ભેદ ઉકેલ્યો છે તે જાહેર કરવુ જોઈએ.

# સાબરકાંઠા જિલ્લામાં બોર્ડની પરીક્ષા માટે વહીવટી તંત્ર સજ્જ

## ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૦,૩૫૯ અને વિજ્ઞાન પ્રવાહમાં ૩૪૨૯ વિધાર્થીઓ પરીક્ષા આપશે : ધોરણ-૧૦માં 33 કેન્દ્રો પર થી ૩૦,૧૮૮ વિધાર્થીઓ પરીક્ષા આપશે

રાજયમાં બોર્ડની પરીક્ષાના હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે પોતાના ભવિષ્યની ચિંતા અને સારા ગુણ મેળવી ઉજ્જવળ કારકિર્દીની ઝંખના સાથે વિધાર્થીઓ તન તોડ મહેનત કરી રહ્યાં છે. બીજી બાજુ વિધાર્થીઓ નિર્વિઘ્ને અને સ્વસ્થ્ય સુયોગ્ય વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે જિલ?લાના વહીવટી તંત્રએ પણ કમરકસી છે. જેને અનુલક્ષીને આજે બુધવારના રોજ કલેકટર કચેરી ખાતે પરીક્ષા સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં આ વર્ષે માર્ચમાં લેવાનારી બોર્ડની પરીક્ષામાં સાબરકાંઠા જિલ્લામાં એસ.એસ.સી ના ૩૨ કેન્દ્રો પરથી ૩૦,૧૮૮ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપશે. જયારે ધોરણ ૧૨ના વિજ્ઞાન પ્રવાહમાં ૩૪૨૯ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપશે. જયારે સામાન્ય પ્રવાહના ૧૦,૩૫૯ વિધાર્થીઓ ૧૭૮ બ્લોક પરથી પરીક્ષા આપશે. આ બોર્ડની પરીક્ષાના સુચારૂ આયોજન માટે એસ,એસ,સીના હિંમતગનગર અને ઈડર ઝોન બનાવવામાં આવ્યા હોવાની વિગતે ચર્ચા કરવામાં આવી હતી. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૦,૩૫૯ અને વિજ્ઞાન પ્રવાહમાં કુલ ૩૪૨૯ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપશે જયારે ધોરણ ૧૦ના કુલ ૩૦,૧૮૮ વિધાર્થીઓ શાંતિપૂર્ણ માહોલમાં તા. ૧૫મી માર્ચથી ૨૮ માર્ચ સુધી બોર્ડની પરીક્ષાઓ આપશે.



પાલનપુરની પ્રતિષ્ઠિત વિવિધલક્ષી વિદ્યામંદિરની શ્રી જૈન શિશુ શાળામાં ધો-૧ અને ૨ના ભૂલકાંઓ અને શિક્ષકગણે હોળી - ધૂળેટી પર્વની ઉત્સાહભેર ઉજવણી કરાઈ હતી. શાળાના ાચાર્ય શ્રીમતી દીવાળીબેન પટેલ, વાલી મંડળના સંયુક્ત આયોજનથી પ્રતિવર્ષની જેમ આ વર્ષે આજે ગુજરાતી મીડીયમના ધો-૧ અને ધો-૨ના નાના ભૂલકાંઓએ ઘરેથી લાવેલ છાણા અને લાકડાની હોળી બનાવી પૂજન-અર્ચન કરી શાળાના પ્રાંગણમાં હોલીકાનું દહન કર્યું હતું.

# મોડાસા પોસ્ટ ઓફિસમાં પાસપોર્ટ સેવા કેન્દ્ર શરૂ કરવા જિલ્લાના પ્રજાજનોની પ્રબળ માંગ

ગતિશીલ ગુજરાતમાં અરવલ્લી જીલ્લાને સાબરકાંઠા જીલ્લામાંથી નવનિર્માણને ૪ વર્ષ પૂર્ણ થવા આવ્યા છતાં અરવલ્લી જીલ્લામાં વિકાસ પાપા પગલી માંડી રહ્યો હોય તેમ જીલ્લાસ્તરના વિકાસથી વંચિત હોય તેવું જીલ્લાના પ્રજાજનો અનુભવી રહ્યા છે. વિદેશ મંત્રાલય દ્વારા પાસપોર્ટ પ્રક્રિયાના સરળીકરણ માટે નિયમો ફેરફાર કરવાની સાથે ડિસેન્ટ્રલાઈઝેશન હેઠળ રાજ્યમાં ૧૧ પાસપોર્ટ સેવા કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ત્યારે અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં પણ પાસપોર્ટ સેવા કેન્દ્રનો પ્રારંભ કરવાની માંગ જીલ્લામાં પ્રબળ બની છે. રાજ્ય સરકાર તરફથી અન્યાય કરવામાં આવતો હોવાની લાગણી અનુભવી રહ્યા છે.

રાજ્ય સરકાર દ્વારા સરકારની દરેક સેવાઓ નાગરિકોને ઘર આંગણે મળે તેવા પગલાં લેવામાં આવતા હોવાના પોકળ દાવાઓ કરવાની સાથે પ્રજાજનોના હીતને ધ્યાન માં રાખી જીલ્લા અને તાલુકા કક્ષાએ સેવાઓ ઉપલબદ્ધ કરવાની વાતો થઈ રહી છે. ત્યારે અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં પાસપોર્ટ સેવાકેન્દ્ર શરુ કરવાની માંગ પ્રબળ બની છે. મોડાસા શહેર સહીત જીલ્લામાંથી મોટા ભાગના લોકો વિદેશમાં અભ્યાસ, નોકરી અને ધંધાર્થે આવન-જાવન કરતા હોવાથી લોકોને નવા પાસપોર્ટ કે રીન્યુ કરાવવા કામગીરી અર્થે અમદાવાદ જવું પડતું હોવાથી સમય શક્તિ અને ખર્ચથી પ્રજાજનો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે જેથી મોડાસા શહેરમાં પાસપોર્ટ સેવા કેન્દ્ર શરુ કરી પ્રજાજનોના હીતના કામો કરવામાં આવે તેવું લોકો ઈચ્છી રહ્યા છે. જીલ્લાના પ્રજાજનો ત્રણ ધારાસભ્યો, જીલ્લા ભાજપના હોદેદારો દ્વારા પાસપોર્ટ સેવા કેન્દ્ર મોડાસા શહેરમાં ઉપલબદ્ધ કરાવવા ભાજપ-કોંગ્રેસના રાજકારણ ને એક બાજુ રાખી રાજકીય હુંસાતુંસીમાંથી બહાર નીકળી પ્રજાના પ્રાણ પ્રશ્નોને રાજ્ય સરકાર આગળ રજુઆત કરી વિકાસ વેગવંતો બનાવવા રજુઆત કરવામાં આવે તેવું લોક માંગ ઉઠી છે.



**ડીસામાં બ્રાહ્મણ સમાજ દ્વારા સમૂહ યજ્ઞોપવિત**

ડીસા પાંચ પરગણા બ્રાહ્મણ સમાજ દ્વારા ભૂદેવો ની એકતા અને વિકાસ માટે અનેક કાર્યક્રમો નું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમો પૈકી બ્રાહ્મણ બાળકો પોતાના નિત્યકર્મ માં પ્રવૃત થાય તેવા હેતુ સાથે ડીસા ખાતે પાંચ પરગણા બ્રાહ્મણ સમાજ દ્વારા સમૂહ યજ્ઞોપવિત કાર્યક્રમ ની ઉજવણી જોર શોર થી વૈદિક પરમ્પરા મુજબ કરવામાં આવી હતી. આ કાર્યક્રમ માં ૧૧ જેટલા બટુકો ને સામુહિક યજ્ઞોપવિત આપવામાં આવી હતી અને બાળકો નિત્ય કર્મ માં પ્રવૃત થાય તેવા આશીર્વચન આપવામાં આવ્યા હતા. કાર્યક્રમ ના આયોજન અંગે સમાજ ના આગેવાન શૈલેષભાઈ રાજગોરે જણાવ્યું હતું કે, ડીસા પાંચ પરગણા બ્રહ્મ સમાજ દ્વારા સામુહિક યજ્ઞોપવિત ના કાર્યક્રમ નું આયોજન કરાયું છે.